ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૦/૨૦–૨૧/ 353
તારીખ : 29 JAN 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી મનુભાઈ અરજણભાઈ ગોહિલ તથા**
**રમેશભાઈ અરજણભાઈ ગોહિલ,**
સ્વ.અરજણભાઈ હાજાભાઈ ગોહિલ ના વારસદાર,
ગોહિલ ની ખાણ,
તા.કોડીનાર,
**જી.ગીર સોમનાથ.**
**મો.નં. ૯૨૨૭૨ ૩૫૦૨૧/૯૦૨૩૯ ૯૭૧૩૯.**

કેસ નં.૬૦/૨૦–૨૧

**વિષય : પરવાનગી વગર અમારી જમીનમાંથી ૧૧ કે.વી.ની લાઈન ઉભી કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૨/૧૧/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૦/૨૦–૨૧/૩૮૬૨ તા.૦૬/૧૧/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૦/૨૦–૨૧/૪૦૨૬ તા.૨૧/૧૧/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૦/૨૦–૨૧/૪૦૯૮ તા.૨૭/૧૧/૨૦૨૦.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૦/૨૦–૨૧/૧૬૯ તા.૧૨/૦૧/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૨/૦૧/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

27/1/21
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણઃ– ઉપર મુજબ.

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, ઉના.
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, અમરેલી.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી–૧, કોડીનાર.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૬૦/૨૦–૨૧ ☜

વાદી :– શ્રી મનુભાઈ અરજણભાઈ ગોહિલ તથા શ્રી રમેશભાાઈ અરજણભાઈ ગોહિલ

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજૂઆતની તારીખ:– તા.૨૨/૦૧/૨૦૨૧ ◈

હાજર રહયા :– શ્રી મનુભાઈ અરજણભાઈ ગોહિલ તથા શ્રી રમેશભાાઈ અરજણભાઈ ગોહિલ – (વાદી ગેરહાજર)

પ્રતિવાદી :– શ્રી વાય.આર. જાડેજા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ઉના.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી મનુભાઈ અરજણભાઈ ગોહિલ તથા શ્રી રમેશભાાઈ અરજણભાઈ ગોહિલ, મું.ગોહિલની ખાણ, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ ની પરવાનગી વગર અમારી જમીનમાંથી ૧૧ કે.વી. ની લાઈન ઉભી કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૦/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૦/૨૦–૨૧/૩૮૬૨ તા.૦૬/૧૧/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૧/૧૨/૨૦૨૦ તથા તા.૨૨/૦૧/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી મનુભાઈ અરજણભાઈ ગોહિલ તથા શ્રી રમેશભાાઈ અરજણભાઈ ગોહિલ ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફેશ્રી **વાય.આર. જાડેજા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ઉના** ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજૂઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજૂઆત છે કે...**

૧.૧ અમો, ફરીયાદી વારસાઈ હકકેની સંયુકત માલીકીની તથા સ્વતંત્ર માલીકીની ખેતીની જમીન

| મોજે | ખાતા નંબર | સર્વે નંબર | ક્ષેત્રફળ | આકાર |
|---|---|---|---|---|
| ગોહિલ ની ખાણ | ૮ | ૧૨૦/૧ | ૧–૫૧–૦૨ | ૮–૧૮ |
| | ૩૨૨ | ૧૨૧/૨ | ૧–૨૭–૮૩ | ૭–૮૧ |
| | | ૧૧૨ | ૧–૪૨–૭૦ | ૧૦–૫૬ |

ધારણ કરીએ છીએ. જે એક માત્ર અમારા કુટુંબ પરીવારની આજીવીકાનું એકમાત્ર સાધન છે.

૧.૨ આ કામના જવાબદાર નં–૧ સહનાઓએ અમારી માલીકીની ખેતીની જમીનમાં વિસ્તારવાદી નીતીને લઈ અતિક્રમણ કરી દબાણ કરવાની બાબતે અને દબાણ કરેલ જમીન અમોને માપણીથી ખુલ્લી કરી નહી આપતા,ન્યાયીક કાયદાકીય ઉપાય તરીકે નામ.પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબશ્રી ની કોર્ટમાં, મું.કોડીનાર ખાતે રે.દિ.મુ.નં–૧૬૧/૨૦૧૭ થી દાવા અરજ કરેલ છે. જેનો આખરી નિર્ણય થવો બાકી છે, અને દાવાના કામે થયેલ માપણી મુજબ જે કુવા ઉપર વિજ જોડાણની માંગણી કરવામાં આવેલ છે તે કુવો તથા મકાન અમો ફરીયાદી ની હદ/માલીકીમાં હોવાનું માપણી સીટ થી સ્પષ્ટ થયેલ છે. માપણી સીટ રીપોર્ટ મુજબ,

- સર્વે નં–૧૧૧ ના આસામીઓએ સ.નં–૧૧૨ માં હેકટર ૦–૦૯–૫૮ ચો.મી.નો કબજો કરેલ છે.
- સર્વે નં–૧૨૧ ના આસામીઓએ સ.નં–૧૧૨ માં હેકટર ૦–૦૧–૩૮ ચો.મી.નો કબજો કરેલ છે.
- સર્વે નં–૧૧૩ ના આસામીઓએ સ.નં–૧૧૨ માં હેકટર ૦–૦૧–૧૫ ચો.મી.નો કબજો કરેલ છે.

હોવાનું અને આમ અમો ફરીયાદીની માલીકીની જમીનમાં બધી બાજુથી અતિક્રમણ થયેલ હોવાનું માપણીથી જાહેર થયેલ છે. ત્યારે, અમારી માલીકીની હદમાં દબાણ કરેલ જમીન માં આવેલ કુવા ઉપરનું વિજ જોડાણ અમોને નુકશાન થાય તે રીતે અમારા વિજ જોડાણ થી ૧૧ કે.વી.ટેપીગ લઈ લોડ વધારો લેવા/આપવા આ કામના જવાબદારોએ ગુનાહીત આયોજન કરેલ હોય કાયદા/નિયમ મુજબ માલીકીની જમીનમાંથી વિજ લાઈન પસાર કરતા પહેલા લેવાની થતી સંમતિ લીધા વગર કે લાઈન સર્વે વખતે હાજર રહેવાની કોઈ નોટીસ કર્યા વગર એકતરફી રીતે સત્તાનો દૂર ઉપયોગ કરી જવાબદાર નં–૧ નાઓને એલ.ટી. લાઈન કે જે અમારી જમીનમાંથી પસાર થાય છે, તેના ઉપર ૧૧ કે.વી.વિજ લાઈન ઉભી કરી લોડ વધારા સાથેનું વિજ જોડાણ આપવા દાદાગીરી અને ગુંડાગીરી થી ૧૧ કે.વી.વિજ લાઈન ઉભી કરવા સામે અમારી રજૂઆત ને અવગણી અમારી સામે આ કામના જવાબદાર નં–૧ થી આત્મવિલોપન ની ચીમકી અપાવી પરસ્પર મીલાપી થઈ ૧૧ કે.વી. વિજ લાઈન અમારી જમીનમાં ઉભી કરવા પેતરાઓ કરી રહેલ છે.

૧.૩ આ કામના જવાબદાર નં–૧ ના કુવા ઉપર એલ.ટી.લાઈન થી વિજ જોડાણ આવેલ છે.તેમાં ચાલતા દાવાના કામે લોડ વધારો માંગી અમારી જમીનમાંથી પસાર થતી એલ.ટી.લાઈન ઉપર ૧૧ કે.વી.વિજ લાઈન ઉભી કરાવી વિજજોડાણ લઈ કાયમી નુકશાન કરવાના મલીન ઈરાદાથી આયોજન પૂર્વક વિજ જોડાણ લોડ વધારો માંગનારની નજીકના ટી.સી ઉપરથી ટેપીગ લેતાં, ટૂંકા અંતરે અને તેમની માલીકીની જમીનમાં ૩ થી ૪ પોલ ઉભા કરતાં, માંગણી મુજબનો લોડ વધારો આપી શકાય તેમ હોવા છતાં, લાંબા ગાળાનું સર્વે કરી અમારી જમીનમાં ૧૧ કે.વી.લાઈન ઉભી કરવા અને અમારા ખાતાની જમીનોમાંથી આ લાઈન થી જોખમ ઉભું કરાવવા/કાયમી પ્રકારનું નુકશાન ઉભું કરાવવાના મલીન ઈરાદા સાથે પીજીવીસીએલ ના અધિકારીઓ કંપની ના નામે અને જોખમે પરસ્પર મીલાપી થઈ ભ્રષ્ટ નીતી રીતી અખત્યાર કરી એનકેન પ્રકારે અમારી જમીનમાંથી ૧૧ કે.વી.વિજ લાઈન કાઢવા ઉપર ઉતારૂ થયેલ હોય હાલની ફરીયાદ કરવા ફરજ પડેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૪ આમ, અમો ફરીયાદી ની જમીનના ટ્રાન્સફોર્મર થી ટેપીગ આપી લાઈન લંબાવવામાં આવેલ તો અમોને નાણાંમાં ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન સતત થાય તેમ છે.જયારે, જવાબદાર નં–૧ નાને તેમની માંગણી મુજબનો લોડ વધારો ૧૧ કે.વી.મળે તે માટે સૂચવ્યા મુજબના કોઈપણ વિકલ્પ વિચારવામાં આવે અને ટૂંકા અંતરેથી લોડ વધારો આપવામાં આવે તેમાં જવાબદાર નં–૧ નાને કોઈપણ પ્રકારે નુકશાન નથી ત્યારે ધી ઈન્ડીયન ટેલીગ્રાફ એકટ ની કલમ–૧૬(૧) હેઠળ અટકાયત દૂર કરવા સબબ દરખાસ્ત ને પાત્ર નથી.

૧.૫ લોડ વધારા બાબતે સૂચવ્યા મુજબ ના નજીકના અંતરે ના ટી.સી. ઉપરથી ટેપીગ આપવામાં આવે તેવા સંજોગોમાં વિજ લાઈનના પોલ લોડ વધારો માંગનાર ની જમીનમાં જ આવતા હોઈ, કોઈનો વાંધો તકરાર આવે તેમ નથી કે કોઈને કોઈપણ રીતે નુકશાન કર્તા હોય કે ન હોય, વિજ લાઈનથી માંગણી મુજબનો લોડ વધારો આપી શકાય તેમ છે ત્યારે આમ કરવામાં આવે તો વિજ સંસ્થાને કોઈ નુકશાન નથી,ત્યારે અમો ફરીયાદીને નુકશાન કરી વિજ લાઈન ઉભી કરી શકાય નહી કે આ બાબતને કાયદો પણ સમર્થન કરતો નથી.

૧.૬ અમારી માલીકીની ખેતીની જમીનમાંથી ખેતરમાંથી વિજ લાઈન પસાર કરવા મંજૂરી દરખાસ્ત આ કામના જવાબદાર નં–૧ એ માંગેલ લોડ વધારા અરજી અને તેની સાથેના સાધનિક કાગળો, નોંધો, રીમાર્ક વિગેરે અમો ફરીયાદીએ માંગવા છતાં, પીજીવીસીએલ ના જવાબદાર અધિકારીઓએ આપેલ નથી અને ખોટું સમજાવી અમારી જમીનમાંથી વિજ લાઈન કાઢવા ઉપર મકકમ છે ત્યારે મૌખિક રીતે જણાવ્યા મુજબ લોડ વધારો આપવા ૧૧ કે.વી.લાઈન ઉભી કરવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. આમ, અધિકારીઓ દ્વારા અમોને કોઈ પૂરી, ખરી માહિતી આપવામાં આવેલ નથી. ગુન્હાહીત રીતે માહિતી છુપાવી ૧૧ કે.વી.ના ભયસ્થાનોને અવગણી વિજ અકસ્માતના કેસો જે રીતે તાલુકામાં બની રહેલ છે તેમાં થયેલ નુકશાન અને જાનહાનીઓની બાબતોને પણ ન્યાય નિર્ણય ના કામે ધ્યાને લેવામાં આવે તો હાલની જવાબદારો દ્વારા સર્વે કરી ઉભી કરવા ધારેલ વિજ લાઈન કોઈપણ રીતે યોગ્ય નથી.

૧.૭ સદર કેસ/ફરીયાદના ન્યાય નિર્ણય ના કામે ઉપસ્થીત થતા મુદાઓ તપાસવામાં આવે તો,

૧. શું ? અરજદારનો લોડ વધારો આપવા માટે બતાવવામાં અવોલ એક જ વિકલ્પ છે ? –ના–

૨. શું ? અન્ય વિકલ્પોની સમીક્ષા જવાબદાર અધિકારી દ્વારા કરવામાં આવેલ છે ? –ના–

૩. શું ? ચાલતા કેસની હકીકત જવાબદાર નં–૧ ના ઓએ વિજ જોડાણ ના કામે રજૂ રાખેલ છે ? –ના–

૪. શું ? પિયત ની જમીન ઉપરથી હાઈટેમ્પર વિજ લાઈન પસાર થતા લાઈન અને પાણીના પ્રવાહ ભેજને લઈ કોઈ જોખમનું તત્વ રહેલ છે ? –હા–

૫. શું ? અન્યત્ર રીતે ૧૧ કે.વી.લાઈનથી લોડ વધારો આપવામાં આવે તો તેમને કોઈ નુકશાન હોવાની રજૂઆત છે ? –ના–

૬. શું ? ફરીયાદીની રજૂઆતની સુપિરીયર ચકાસણી કરવામાં આવેલ છે ? –ના–

૭. શું ? જવાબદાર નં–૧ ના વિજ જોડાણ સંબંધે ના કાગળો માંગવા સામાવાળા હકકદાર છે ? –હા–

આમ, ફરીયાદથી ઉપસ્થિત મુદાઓથી પણ વિજ લાઈન અમારી જમીનમાં ઉભી કરવી અન્યાય કર્તા હોય, ન્યાયીક

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

રીતે સ્થળ ,સ્થિતિ, રજૂ રાખેલ આધારો વિગેરેથી સમીક્ષા થઈ કેસથી જવાબદાર નં–૧ ની અરજી લોડ વધારા અને અમારી જમીનથી એલટી લાઈન સાથે ૧૧ કે.વી.ની નવી લાંબા અંતરની વિજ લાઈન ઉભી કરી વિજ જોડાણ દ્વેશયુકત રીતે મેળવવા/આપવા જવાબદારોએ આયોજન કરેલ હોય જે રદ કરવા અમારી ફરીયાદ સહ નમ્ર રજૂઆત છે.

૧.૮ **માંગણી** : અમો ફરીયાદીની હાલની ફરીયાદથી નમ્ર માંગણી છે કે,

૧.જવાબદાર નં–૧ નાનું એલ.ટી.લાઈન થી વિજ જોડાણ ચાલુ છે અને તેમાં કોઈ વિશેષ અમારા કે અન્યત્ર કરવામાં આવેલ નથી ત્યારે ચાલતા કેસને પ્રભાવીત કરવા ગુન્હાહીત રીતે લોડ વધારાના નામે ૧૧ કે.વી.વિજ લાઈન અમો ફરીયાદીની જમીનમાં ઉભી કરવામાં આવી રહેલ છે તે કાયમી ધોરણે રદ કરવા.

૨. અન્યત્ર ટૂંકા અંતરેથી ૧૧ કે.વી.વિજ જોડાણથી વિજભાર વધારો આપી શકાય તેમ છે. ત્યારે,અમારી જમીન માંથી લાંબા ગાળાની ૧૧ કે.વી.વિજલાઈન ઉભી કરવા સતાનો દૂરઉપયોગ કરનાર જવાબદાર અધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહી થવા..

૩. અમો ફરીયાદીની જમીનમાં વિજ લાઈન ઉભી કરવાની બાબતેનું રેકર્ડ નહી આપવા અને ખોટું સમજાવી દાદાગીરી થી વિજ લાઈન ઉભી કરવાની ભ્રષ્ટ નીતી રીતીની બાબતને ગંભીરતાથી લેવા ...

૪. અમો ફરીયાદીની જમીનમાંથી વિજ લાઈન પૂર્વગ્રહ યુકત રીતે, કાયમી પ્રકારનું નુકશાન પહોંચાડવા નામદાર કોર્ટ માં ચાલતા કેસ ના કામે આયોજન પૂર્વક જવાબદાર અધિકારીઓ ને સાધી લોડ વધારાના નામે અમારી જમીનમાંથી ૧૧ કે.વી.વિજ લાઈન ઉભી કરવાની બાબતેનો સ્થળ સ્થિતિ નો રીપોર્ટ અમો ફરીયાદીની હાજરીમાં તૈયાર કરાવી મંગાવી જવાબદારો વિરૂધ્ધ કાર્યવાહી થવા તેમજ અમો ફરીયાદીની જમીનમાંથી ૧૧ કે.વી.વિજ લાઈન નહી કાઢવા કાયમી મનાઈ ફરમાવવા મે.થશો.

૫.ન્યાય ના અંતે અમો ફરીયાદી તરફે સુરક્ષા હુકમ થવા વિનંતી.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજૂઆત:– તેમની રજૂઆત છે કે,</u>

શ્રી મનુભાઈ અરજણભાઈ ગોહિલ અને રમેશભાઈ અરજણભાઈ ગોહિલ તેમજ પ્રતાપભાઈ કાનાભાઈ ગોહિલ દ્વારા કરવામાં આવેલ સંદર્ભીત ફરીયાદ અને અનુસંધાને પેટા વિભાગીય કચેરી કોડીનાર–૧ દ્વારા સ્થળ તપાસ અને કરેલ કાર્યવાહી નીચે મુજબ છે.

મનુભાઈ અરજણભાઈ ગોહિલ અને રમેશભાઈ અરજણભાઈ ગોહિલ તેમજ પ્રતાપભાઈ કાનાભાઈ ગોહિલ, રે.ગોહિલ ની ખાણ દ્વારા એચવીડીએસ સ્કીમ અંતર્ગત એલ.ટી.લાઈન ના બદલે ૧૧ કે.વી.લાઈન કામ કરવા બાબતની વાંધા અરજી પેટા વિભાગીય કચેરી એ તેમજ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભાવનગર ખાતે અરજી કરેલ જે બાબતે જણાવવાનું કે, હાલ પીજીવીસીએલ દ્વારા સદર ફીડરને એચવીડીએસ પધ્ધતિ કરવાની કામગીરી ચાલુ છે. જેમાં, નિયમ મુજબ હયાત એલ.ટી.લાઈન ને ૧૧ કે.વી.લાઈનમાં રૂપાંતર કરી અલગ અલગ ટી.સી.આપવાના થતા હોય છે. પરંતુ, મનુભાાઈ અરજણભાઈ ગોહિલ અને રમેશભાઈ અરજણભાઈ ગોહિલ તેમજ પ્રતાપભાઈ કાનાભાઈ ગોહિલ દ્વારા સદર એલ.ટી.લાઈન ને ૧૧ કે.વી.લાઈન માં રૂપાંતર ન કરવા બાબતની વાંધા અરજી આપેલ છે.

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

જે અનુસંધાને અત્રેની પેટા વિભાગીય કચેરી કોડીનાર–૧ ના જુનીયર ઈજનેરશ્રી દ્વારા વાંધા અરજી વાળા સ્થળે જરૂરી વાંધો નિવારવા બાબતે અરજદારશ્રીઓ ને સાથે રાખી લાઈન વાંધાનું નિરાકરણ કરવા અર્થે જતા, જેમાં અરજદાર દ્વારા તેઓના પહેલા પાડોશી શ્રી કરશનભાઈ ભગવાનભાઈ ગોહિલને તેમના શેઢા પરથી તેમજ ધીરૂભાઈ ભીખાભાઈ કાળાભાઈ ગોહિલ ને તેમના પાડોશી શ્રી ભગવાનભાઈ કાનાભાઈ બારડ ના ટીસી થી ટેપીંગ લઈ એચવીડીએસ પધ્ધતિ કરવા મૌખિક સંમતિ આપેલ છે. જે મુજબ હવે લાઈન કામગીરી કરવામાં આવશે.

આમ, અરજદારશ્રીઓની અરજી મુજબના એલ.ટી.લાઈન માંથી ૧૧ કે.વી.લાઈનકામના વાંધા બાબતનું હાલ નિરાકરણ થઈ ગયેલ છે. જે બાબતની અરજદારશ્રીઓને રૂબરૂ સમજ પણ આપેલ છે.

સદર બાબત આપ સાહેબની નમ્ર જાણ તેમજ આગળની યોગ્ય કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum, P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર મનુભાઈ અરજણભાઈ ગોહિલ અને રમેશભાઈ અરજણભાઈ ગોહિલ ગામ–કોડીનાર એ ફોરમને રજૂઆત કરેલ છે કે, તેઓની માલીકીની જગ્યા પરથી પસાર થતી લાઈનમાં ફેરફાર કરી અને પ્રતિવાદી ધીરૂભાઈ ભીખાભાઈ ગોહિલ તેમજ અરશીભાઈ કરશનભાઈ ગોહિલ માટે થાંભલા ઉભા કરી અમારી જગ્યાને નુકશાન કરવા માંગે છે.

૩.૨ પ્રતિવાદીના જણાવ્યા મુજબ હાલ તેઓ ધીરૂભાઈ ગોહિલ તેમજ અરશીભાઈ ગોહિલ ની એલ.ટી.લાઈન વાળા ગ્રુપ તેમજ તે ફીડરને એચવીડીએસ અંતર્ગત એલ.ટી.લાઈન ને એચ.ટી.લાઈન માં કન્વર્ટ કરવાનું કામ શરૂ કરેલ આ કામ અંતર્ગત ધીરૂભાઈ ગોહિલ તેમજ અરશીભાઈ ગોહિલ ને જે એલ.ટી.લાઈનમાંથી વિજ જોડાણ હયાત છે, તે એલ.ટી.લાઈન વાદી અરજદારની જગ્યામાંથી પસાર થાય છે તેને એચ.ટી.લાઈનમાં કન્વર્ટ કરવાનું કામ બાકી છે. તે કામમાં વાદી અરજદારે વાંધો લેતા કામ થઈ શકેલ નથી.

૩.૩ પ્રતિવાદીએ સ્થળ પર જઈ અને વાદીએ લીધેલ વાંધાના નિરાકરણ માટે વાદી અરજદાર ધીરૂભાઈ અને અરશીભાઈ બન્ને ને તેની નજીક ની એચ.ટી.લાઈનમાંથી ટ્રાન્સફોર્મર ઉભું કરી વિજ જોડાણ આપવાનો સર્વે કરેલ છે. જેથી કરીને વાદી અરજદારશ્રી જમીનમાંથી પસાર થતી એલ.ટી.લાઈન કાયમી ધોરણે નીકળી જશે. આમ, પ્રતિવાદીએ વાંધાનું નિરાકરણ લાવવાનો પ્રયત્ન કરેલ છે.

૩.૪ પ્રતિવાદીએ ઉપર જણાવ્યા મુજબ એચવીડીએસ અંતર્ગત વાદી અરજદારની જગ્યામાંથી પસાર થતી એલ.ટી. લાઈન ને એચ.ટી.લાઈનમાં કન્વર્ટ કરવાની છે. જે માટે વાદીએ લીધેલ વાંધો નિયમ મુજબ અને યોગ્ય નથી. તેમ છતાં,પ્રતિવાદીએ વાદી અરજદારના વાંધાનું નિરાકરણ લાવવા માટેનું પ્લાનીગ અને સર્વે કરેલ છે અને ક્ર.૩.૩ મુજબ લાઈન ની કાર્યવાહી કરશે.

૩.૫ તા.૧૧/૧૨/૨૦૨૦ તેમજ તા.૨૨/૦૧/૨૦૨૧ ના રોજ સુનાવણી દરમ્યાન, વાદી હાજર રહેલ નથી. તેમજ પ્રતિવાદીએ વાંધાના નિરાકરણ માટે કરેલ કાર્યવાહી તેમજ કરવામાં આવનાર કાર્યવાહી યોગ્ય જણાય છે માટે ફોરમે કશો હુકમ કરવાનો રહેતો નથી.

Grievance Redressal … P.G.V.C.L. Bhavnagar

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી.એમ.આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ.આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :- **૨૨/૦૧/૨૦૨૧.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.